તાપમાન
મહત્તમ : ૨૮.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૨૪ ટકા


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૨૪ | ૫ ફેબ્રુઆરી, ૨૦૧૬, શુક્રવાર ; પોષ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- ૮૦૦૦ કરોડના ખર્ચ સાથે બધા એરફોર્સ બેઝની સલામતી વધશે
- નરેન્દ્ર મોદી ભાજપના પ્રવકતાના દેખાવથી ખફા હોવાના અહેવાલ
- સિયાચીન ગ્લેસિયરમાં લાપત્તા ભારતીય સૈનિકોની શોધ જારી
- નેશનલ હેરાલ્ડ : હાઈકોર્ટના આદેશને અંતે પડકાર ફેંકાયો
- અસહિષ્ણુતાના ભયને દુર કરવા હવે ઇન્ટરફેથ પેનલ
- ભારે ઉથલપાથલ વચ્ચે નિફ્ટી ૭૪૦૦થી ઉપરની સપાટી પર
- યુપીમાં અતિ પછાત-ખેડુતોને રાજી કરવા માટે પ્રયાસ શરૂ
- હવે રેલવે પ્રોજેક્ટો માટે સંયુક્ત સાહસને મંજુરી

# કેન્દ્રીય અંદાજપત્ર ૨૯મીએ રજૂ થશે

**સંસદનું બજેટ સત્ર ૨૩મીથી શરૂ કરાશે : ૨૫મીએ રેલવે બજેટ અને ૨૬મીએ આર્થિક સર્વે રજૂ કરાશે : કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં મળેલી સંસદીય બાબતોની મંત્રી મંડળની બેઠકમાં નિર્ણય : બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૬મી માર્ચે પૂર્ણ થશે**




નવી દિલ્હી,તા. ૪

જેની ઉત્સુકતાપૂર્વક રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી હતી તે સંસદનું બજેટ સત્ર ૨૩મી ફેબ્રુઆરીથી શરૂ થનાર છે જેમાં સરકારના નાણાંકીય કામકાજ ઉપર વધારે ભાર મુકવામાં આવશે. સત્ર દરમિયાન સામાન્ય બજેટ ફેબ્રુઆરી મહિનાના અંતિમ દિવસે એટલે કે ૨૯મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવશે. આવનાર સમયમાં પાંચ રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને સત્રની અવધિ અથવા વચ્ચેના ગાળામાં રજાની અવધિમાં કોઈ ઘટાડો કરવામાં આવશે નહીં. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં યોજાયેલી સંસદીય બાબતોની મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સંસદીય બાબતોના પ્રધાન એમ વેંકૈયા નાયડુએ સીસીપીએની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, સંસદનું બજેટ સત્ર ૨૩મી ફેબ્રુઆરીથી શરૂ થશે. રેલવે બજેટ ૨૫મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરાશે. આર્થિક સર્વેક્ષણ ૨૬મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરાશે. સામાન્ય બજેટ ૨૯મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરાશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બજેટનો પ્રથમ તબક્કો ૧૬મી માર્ચના દિવસે પૂર્ણ થશે જ્યારે બીજો તબક્કો ૨૫મી એપ્રિલથી ૨૩મી મે સુધી ચાલશે. વેંકૈયાએ કહ્યું હતું કે, તેવા સૂચનો પણ આવ્યા હતા

● અનુસંધાન પાન-૭ પર

## હવે વેસ્ટર્ન કમાન્ડના ૫૫ એરબેઝ હાઈ એલર્ટ ઉપર

**દેખો ત્યાંથી ઠાર કરોના આદેશ જારી કરાયા : એરફોર્સ બેઝમાં બળજબરી પ્રવેશ કરનારને ઠાર કરાશે પઠાણકોટ ત્રાસવાદી હુમલા બાદ નવા હુકમો જારી થયા**



નવી દિલ્હી,તા. ૪

પઠાણકોટ એરફોર્સ બેઝ પર તાજેતરમાં જ ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ કેટલાક સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે. જેના ભાગરૂપે વેસ્ટર્ન કમાન્ડના ૫૫ એરબેઝ પર હાઈએલર્ટના આદેશ જારી કરવામાં આવ્યા છે. સાથે સાથે શકાસ્પદ માટે દેખો ત્યાંથી ઠાર કરોના આદેશ જારી કરવામાં આવ્યા છે. આનો મતલબ એ થયો કે કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિ અથવા તો બળજબરીપૂર્વક પ્રવેશ કરવાના પ્રયાસ કરશે તો તેને ઠાર કરાશે. નવા આદેશ જારી કરવામાં આવ્યા બાદ સુરક્ષા પણ મજબુત કરવામાં આવી છે. આર્મી અને પૈરા મિલિટ્રી ફોર્સની સાથે ક્વિક રિએક્શન ટીમ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં વધુ હુમલાની સઈદની ધમકી

**જમાત ઉદ દાવાના લીડર હાફીઝ સઇદ જાહેરમાં રેલી કરતો દેખાયો : રેલી દરમિયાન ભારત વિરૂદ્ધ જોરદાર નારાબાજી કરાઈ : આઠ લાખથી વધુ જવાન કાશ્મીરમાં જનસંહારને અંજામ આપે છે : માસ્ટર માઇન્ડે દાવો કર્યો**

ઈસ્લામાબાદ,તા. ૪

જમાત ઉદ દાવાના પ્રમુખ અને કટ્ટરપંથી લીડર હાફીઝ સઈદે ફરીવાર પઠાણકોટ જેવા મોટા હુમલા કરવાની ધમકી આપી છે. વર્ષ ૨૦૦૮ના મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડે કહ્યું છે કે, ભારતને પઠાણકોટ જેવી પીડા હજુ પણ મળતી રહેશે. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં એક રેલીને સંબોધતા સઈદે કહ્યું હતું કે, આઠ લાખથી વધારે જવાનો કાશ્મીરમાં જનસંહારને અંજામ આપી રહ્યા છે. રેલી દરમિયાન ભારતની સામે જોરદાર નારાબાજી કરવામાં આવી હતી. સઈદે એમ પણ કહ્યું હતું કે, કાશ્મીરની સ્વતંત્રતા તેમની લાઈફની સૌથી મોટી લડાઈ છે. સઈદે એમ પણ કહ્યું હતું કે, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાશ્મીરના લોકોને મનની બાબત સમજાવવાના પ્રયાસ કરી રહ્યા છે. કોઈપણ બાબત ઘણા સમય સુધી દબાવી શકાતી નથી. મોદી પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, કાશ્મીરીઓને સેનાની તાકાતથી દબાવવાની જો યોજના હોય તો મામલો શ્રીનગર સુધી રોકાશે નહીં. પઠાણકોટ સુધી જશે અને તેનાથી આગળ પણ જશે. કાશ્મીરમાં જે ગતિવિધિ ચાલી રહી છે તે નહીં ઉકેલાય તો ભારત માટે વધારે ખતરો બનશે. અમેરિકાએ પણ સઈદ ઉપર જંગી ઈનામ જાહેરા કરેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાફીઝ સઈદને

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર ગુજરાતના ૩૫ ગામોના ૪૨ તળાવોમાં નર્મદાના જળ પાઈપલાઈનથી અપાશે

**ઉત્તર ગુજરાતના મહેસાણા-બહુચરાજી, જોટાણાના ગામોને સિંચાઈ માટે પાઈપલાઈનથી પાણી મળશે : ૪૨૦૦ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા : મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો કિસાન હિતલક્ષી મહત્વનો નિર્ણય**

અમદાવાદ, તા.૪

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઉત્તર ગુજરાતના મહેસાણા બહુચરાજી અને જોટાણા વિસ્તારના ૩૫ ગામોને સિંચાઈ માટે નર્મદા જળ પાઈપલાઈનથી પહોંચાડવાનો કૃષિ હિતકારી નિર્ણય કર્યો છે. મહેસાણા જિલ્લાના મહેસાણા અમદાવાદ હાઈવે અને ખારી નદી વચ્ચેના ગામોને સિંચાઈ સહુલિયત મળી રહે તે માટે મુખ્યમંત્રી સમક્ષ આ વિસ્તારના ખેડુતો, સરપચો દ્વારા અવાર નવાર થતી રજુઆતોનું સુખદ નિવારણ મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે થયું છે. આનંદીબેનના આ મહત્વપૂર્ણ નિર્ણય અનુસાર નર્મદા મુખ્ય નહેરમાંથી નીકળતી આદુદરા ખેરવા ૨૭.૮૪ કિ.મી પાઈપલાઈનમાં ભાસરીયા ગામના પોઈન્ટ પાસેથી અલાયદુ ટેપીંગ કરીને ૧૨ કિ.મીની એમએસ પાઈપલાઈન દ્વારા આ ૩૫ ગામોના ૪૨ તળાવો નર્મદાના વધારાના વહી જતાં પાણીથી સિંચાઈ માટે ભરવામાં આવશે. આ ટેપીંગ લાઈનના ભાસરીયા મરેડા સુધી એમએસ પાઈપલાઈનના કમાન્ડ વિસ્તારમાં આવતા ૧૦ ગામોના ૧૪ તળાવો ભરવા માટે તથા અન્ય ગામોના આયોજીત સુચિત કમાન્ડ વિસ્તારમાં નેટવર્ક મુજબ એનપીઉ કલાસ પાઈપલાઈન અંતર્ગત ૨૫ ગામોના ૨૮ તળાવો ભરવાનું નેટવર્ક પ્રસ્થાપિત કરાશે. મુખ્યમંત્રીનો આ કિસાન કલ્યાણ અભિગમ ૧૨૫ કરોડના ખર્ચે સાકાર થતાં ૪૨ તળાવોના જળથી ૪૨૦૦ હેટકર વિસ્તારને સિંચાઈ લાભ મળતો થવાનો છે. આ સિંચાઈ સહલિયત મળવાને પરિણામે અંદાજે ૪૨ કરોડની નવિન ખેતપેદાશોનું આ વિસ્તારએ મળતા વીજ વપરાશમાં પણ અંદાજે કુલ ૪ કરોડ જેટલો ઘટાડો થશે.

# સ્કુલ વાહનોની હડતાળ બીજા દિવસે યથાવત

**પરીક્ષાના દિવસોમાં પણ અચોક્કસ મુદતની હડતાળ : પરમિટ માટે બે મહિનની મહેતલની માંગ કરવામાં આવી**

અમદાવાદ,તા. ૪

સ્કુલ વાહનોની અચોક્કસ મુદતની હડતાળ આજે બીજા દિવસે પણ યથાવતરીતે જારી રહી હતી. જેથી સવારથી બાળકો અટવાયા હતા. વાલીઓનેપણ મુશ્કલી નડી હતી. બીજી બાજુ સ્કુલ વાહન અને રિક્ષા માટે પરવાનગી મેળવી લેવા માટે બે મહિનાની મહેતલની માંગ કરવામાં આવી છે. આજે વિદ્યાર્થીઓ અને વાલીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ખાસ કરીને પરીક્ષાઓ હાલ ચાલી રહી છે જેથી વિદ્યાર્થીઓને ફરજિયાતપણે પહોંચાડવાની વાલીઓને ફરજ પડી હતી. સવારના ગાળામાં ઠંડીના માહોલમાં વાલીઓને બહાર નિકળવાની ફરજ પડી હતી. વાલીઓમાં પણ આને લઈને નારાજગી અને ચિંતા જોવા મળી હતી. સ્કૂલ વાહનોની હડતાળ હજુ જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ વચ્ચેનો માર્ગ કાઢવા અને વિકલ્પ શોધવાના પ્રયાસ હાથ ધરાયા છે. વધારે પડતા બાળકો સ્કૂલ વાહનોમાં બેસાડવાના મુદે હાઈકોર્ટે લાલ આંખ કર્યા બાદ પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી અને સ્કૂલ વર્ધીના વાહનોને પણ અટકાયતમાં લેવાની શરૂઆત કરી હતી જેને લઈને સ્કૂલ વર્ધી વાહન એસોસિએશન દ્વારા સમગ્ર શહેરના અચોક્કસ મુદતની હડતાળની શરૂઆત કરવામાં આવી હતી.

ઘણી સ્કુલોમાં સેમેસ્ટર પરીક્ષા શરૂ થઈ રહી છે ત્યારે વર્ધીવાળાની આ હડતાળથી આખરે તો સ્કુલમાં ભણતા બાળકો-વાલીઓએ પીડાવાનો વારો આવ્યો છે. જ્યારે હાઈકોર્ટના ધારાધોરણના અમલ માટે એસોસિએશને બે મહિનાની મુદત તેમજ સરકારના હસ્તક્ષેપની માગણી કરી છે.

## સુરક્ષાના મુદ્દે કોઈ બાંધછોડ કરાશે નહીં : વિજય રૂપાણી

અમદાવાદ,તા. ૪

સ્કૂલ વાહન અને રિક્ષા ચાલકોની હડતાળ બીજા દિવસે જારી રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓ બીજા દિવસે પણ પરેશાન રહ્યા હતા. બીજી બાજુ ગુજરાત સરકાર આ મામલે આક્રમક દેખાઈ રહી છે. ગુજરાત સરકારનું કહેવું છે કે, બાળકોની સુરક્ષાના મુદ્દે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. નિયમોમાંથી કોઈને પણ બાકાત રાખવામાં આવશે નહીં. વાહન વ્યવહાર પ્રધાન વિજય રુપાણીએ માહિતી આપતા કહ્યું છે કે, સ્કૂલ વર્ધીના વાહન ચાલકોને પણ જરૂરી નિયમોનું ચોક્કસપણે પાલન કરવું પડશે. હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશને પાળવો પડશે. નાણાની લાલચમાં સુરક્ષાને લઈને હાલ પ્રશ્નો ઉઠી રહ્યા છે.


જોઈએ છે
હોટલ રિસેપ્શનીસ્ટ
સંપર્ક કરો
મો. : ૯૯૦૪૬ ૧૮૧૯૯
મો. : ૯૯૨૪૦ ૦૦૧૯૫

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

SOCCER LEAGUE
ઈન્ફોસિટી સોકર લીગ
(કેન્સર પિડીતોના લાભાર્થે ફુટબોલ ટુર્નામેન્ટ)
ટીમ રજીસ્ટ્રેશન માટે સંપર્ક
૯૯૭૯૯ ૨૨૪૪૩
ટીમ રજીસ્ટ્રેશન ફક્ત
રૂા. ૧,૫૦૦/-
ફ્રી ટી-શર્ટ
નોંધઃ
- ટીમના દરેક સભ્યને ટી-શર્ટ ફ્રી આપવામાં આવશે.
- મેચ સમયે સ્પર્ધક ટીમને રિફ્રેશમેન્ટ આપવામાં આવશે.
સ્ટોલ/બેનર/સ્પોન્સરશીપ માટે સંપર્ક
૯૮૭૯૬ ૧૯૯૨૨ / ૯૩૨૮૦ ૭૧૧૫૦
સ્થળ
આઈ.ટી. ટાવર - ૪ સામેનું મેદાન, ઈન્ફોસિટી,
ઘ-૦ સર્કલ નજીક, ગાંધીનગર.
events.brainrays.com
Managed by Brainrays